અમૃત નગરમાં દોઢ વર્ષથી દૂષિત પાણીની ફરિયાદ

# ઉધનામાં વાસ મારતા રંગીન પાણીથી રોગચાળાનું જોખમ

**ઇન્દોર** અને ગાંધીનગરની ઘટના તેમજ સીએમઓની ટકોર છતાં મનપાનું તંત્ર ઊંઘી રહ્યું છે

સુરતઃ સુરત 'સ્વચ્છ શહેર' તરીકે દેશભરમાં નામના મેળવે છે અને વોટર પ્લસ સેવન સ્ટાર સિટીનો દરજ્જો ધરાવે છે. ત્યારે તાજેતરમાં ઇન્દોર અને ગાંધીનગરમાં પાણીજન્ય રોગચાળા બાદ આખા રાજ્યમાં દુષિત પાણીનો મુદ્દો ગરમાઇ રહ્યો હોવા છતા ઉધના વિસ્તારના અમૃતનગરમાં છેલ્લા દોઢ-બે વર્ષથી પીવાના પાણીમાં ગટર અને કેમિકલયુક્ત દૂષિત પાણી આવતું હોવા છતાં સુરત મહાનગરપાલિકા કુંભકર્ણની નિદ્રામાં સૂતી છે. વારંવારની રજૂઆતો, લેખિત ફરિયાદો અને અધિકારીઓને કરેલી અરજીઓ બાદ પણ તંત્રની નિષ્ક્રિયતા સામે સ્થાનિકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, દરરોજ સવારે પાણી પુરવઠો શરૂ થાય ત્યારે નળમાંથી પીવાલાયક પાણીના બદલે દુર્ગંધ મારતું, લાલ-ભૂરું અને ક્યારેક તો ગટર જેવું વાસ મારતું પાણી આવે છે. આ પાણી પીવું તો દૂર, નાહવા કે ઘરકામમાં પણ વાપરી શકાય તેમ નથી. દૂષિત પાણીના કારણે ઝાડા-ઉલટી, ચામડીના રોગો અને ગંભીર બીમારીઓ ફાટી નીકળવાની ભીતિ છે. બાળકો અને વૃદ્ધોના સ્વાસ્થ્ય સામે મોટો ખતરો ઊભો થયો છે, છતાં પાલિકા તંત્ર આંખ આડા કાન કરી બેઠું છે. ચોંકાવનારી બાબત એ છે કે, ગાંધીનગર સુધી આ મુદ્દાની ગુંજ પહોંચ્યા બાદ અને મુખ્યમંત્રીની કડક ટકોર છતાં પણ સ્થાનિક સ્તરે કોઇ અસર દેખાતી નથી. અધિકારીઓ એકબીજા પર જવાબદારી ઠેલતા રહે છે. કોઇ 'અડધો કલાક પાણી જવા દો' જેવી બેજવાબદાર સલાહ આપે છે, તો કોઇ હાઇડ્રોલિક વિભાગનું બહાનું ધરે છે.

### ગેરકાયદે તપેલા ડાઇંગને કારણે રોગચાળો ફાટી નીકળવાનો ભય : રમેશભાઇ (સ્થાનિક)



આ સમસ્યા પાછળ સ્થાનિકોએ આજુબાજુ ધમધમતા ગેરકાયદે તપેલા ડાઇંગ એકમોને જવાબદાર ઠેરવ્યા છે. સ્થાનિક રહીશ રમેશભાઇએ જણાવ્યું હતું કે, કોઇપણ પ્રકારના ટ્રીટમેન્ટ પ્લાન્ટ વગર આ એકમો કેમિકલયુક્ત રંગીન પાણી સીધું ડ્રેનેજ લાઇનમાં છોડે છે. ડ્રેનેજ અને પીવાના પાણીની લાઇનમાં લીકેજ હોવાથી આ ઝેરી પાણી સીધું નાગરિકોના ઘરો સુધી પહોંચી રહ્યું છે. તંત્રની મિલીભગત વગર આ બધું શક્ય નથી એવી ખુલ્લી ચર્ચા છે.

### ગેરકાયદે ડાઇંગ મિલો સીલ નહીં થાય તો ઉગ્ર આંદોલનની ચીમકી

સ્થાનિક રહીશો સ્પષ્ટ ચીમકી આપી રહ્યા છે કે જો તાત્કાલિક શુદ્ધ પાણીનો પુરવઠો શરૂ નહીં થાય, ગેરકાયદે ડાઇંગ એકમો સીલ નહીં થાય અને બેદરકાર અધિકારીઓ સામે કાર્યવાહી નહીં થાય, તો ઉગ્ર આંદોલન થશે. હવે સવાલ એક જ છે, જો આ ઝેરી પાણીથી કોઇ ગંભીર બીમાર થશે, તો તેની જવાબદારી કોણ લેશે? કે પછી પાલિકા લોકોના આરોગ્ય સાથેના આ ખુલ્લા ચેડાંને પણ ફાઇલોમાં દબાવી દેશે?

સુરતનો ભૂતકાળ હજી પણ જીવંત છે



■ સુરત અત્યારે પણ સમૃદ્ધ છે અને પહેલા પણ સમૃદ્ધ જ હતું. આવા નગરોમાં પહેલા નગરપતિઓ અને ધનાઢ્ય નાગરિકો વાવ ખોદાવતા હતાં. વૃક્ષો રોપાવતા હતાં અને પ્રજાલક્ષી કામ કરતા હતાં. આવી જ એક વાવ જે લાલદરવાજા ખાતે આવેલી છે તેમાં અત્યારે પણ પાણી જોવા મળે છે. (તસવીર : હેમંત ડેરે)

## રાંદેર પોલીસે ચોરાયેલી બાઈક સાથે ડિલિવરી બોયને ઝડપી લીધો

સુરતઃ રાંદેર પોલીસે વાહનચોરને ચોરાયેલી મોટરસાઈકલ સાથે ઝડપી લીધો છે. રાંદેર પોલીસ કર્મીઓને બાતમી મળી હતી કે ઉગત બોટનિકલ ગાર્ડન નજીક પાણીની ટાંકી પાસે એક શખ્સ ચોરાયેલી બાઈક સાથે ઊભો છે. બાતમી અનુસાર શખ્સે શરીરે કાળા રંગનું જેકેટ અને બ્લેક કલરનું પેન્ટ પહેરેલું હોવાનું જાણવા મળ્યું હતું. રાંદેર પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચી ઘેરાબંધી કરી શંકાસ્પદને ઝડપી લીધો હતો. પોલીસે તપાસ કરતાં આરોપી પાસે રહેલું વાહન ચોરીનું હોવાનું સાબિત થયું હતું. પકડાયેલા આરોપીનું નામ રાહુલકુમાર મોહનલાલ સોલંકી (ઉં.વ.19) હોવાનું બહાર આવ્યું છે. આરોપી વ્યવસાયે ઓનલાઈન ડિલિવરી બોય તરીકે કામ કરે છે. તેનો મૂળ એફ.સી.આઈ. ગોડાઉન, ખેતલાજી મંદિર પાસે, સરીયા દેવી કોલોની, જાલોર (રાજસ્થાન)નો રહેવાસી છે, જ્યારે હાલ તે અડાજણ વિસ્તારમાં સરદારબ્રિજ નીચે સ્વામિનારાયણ મંદિર પાસે રહેતો હોવાનું જાણવા મળ્યું છે. પોલીસ દ્વારા આરોપીની વધુ પૂછપરછ હાથ ધરવામાં આવી રહી છે.

## 'ગુજરાતમિત્ર'ના સહયોગથી મહાવીર કોલેજમાં ટેક ફેસ્ટનું સફળ આયોજન



**ટેક** ફેસ્ટમાં વિવિધ કોલેજોમાંથી 500થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો, વિજેતાને ઈનામો અપાયા

સુરતઃ 'ગુજરાતમિત્ર'ના સહયોગથી ભગવાન મહાવીર કોલેજ ઓફ મેનેજમેન્ટ (BMCM) ના IMCA અને MCA વિભાગ દ્વારા 10 જાન્યુઆરી 2026 ના રોજ "MindSpark" ટેક ફેસ્ટનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ ટેક ફેસ્ટમાં વિવિધ કોલેજોમાંથી 500 થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ટેક ફેસ્ટમાંClash of Code, Coding Ninja, Googler, Treasure Hunt, Box Cricket, Battle Ground, Snake and Ladder તથા Reel Making જેવી સ્પર્ધાઓનો સમાવેશ થયો હતો. મુખ્ય અતિથિ તરીકે નીરવ ગોટી (સાયબર સિક્યુરિટી એક્સપર્ટ) ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને BMCM ના ડિરેક્ટર ડો. સ્વેતા કુમાર, BMCM ના HOD ડો. ઉપાસના મહેતા તથા BMU ના પ્રોવોસ્ટ ડો. નિર્મલ શર્મા સાહેબની વિશેષ ઉપસ્થિતિથી ગૌરવ મળ્યું. બધા ભાગ લેનારા વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ આપવામાં આવ્યા, જ્યારે વિવિધ સ્પર્ધાઓમાં પ્રથમ ત્રણ સ્થાન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને ટ્રોફી તેમજ વિવિધ ભેટો આપી સન્માનિત કરવામાં આવ્યા.

## ગોડાદરાના બ્રેઈનડેડ યુવકના અંગદાનથી ત્રણને વ્યક્તિને નવજીવન પ્રાપ્ત થશે

**યુવકનાં** બંને કિડની અને લિવરનું દાન કરવામાં આવ્યું



સુરતઃ ગોડાદરાના બ્રેઈનડેડ 27 વર્ષીય યુવકનાં લીવર અને બે કિડનીનું દાન કરાયું હતું. જેના થકી ત્રણ જરૂરતમંદોને નવજીવન મળશે.

પ્રાપ્ત વિગતો મુજબ મૂળ બિહારના બાંકા જિલ્લાના વતની અને હાલ ગોડાદરા આસપાસ વિસ્તારમાં આવેલી ગાયત્રીનગર સોસાયટીમાં રહેતા સૌગંદકુમાર નકુલ લૈયા (ઉં.વ.27) ટેક્સટાઈલ માર્કેટમાં નોકરી કરતા હતા. શુક્રવારે સવારે ભાટિયા ચેકપોસ્ટ, સારોલી પાસે રોડ પર બમ્પર આવતાં બાઈક ડિવાઈડર સાથે અથડાતાં સૌગંદકુમાર અને મિત્ર પડી ગયા હતા. મિત્ર ગૌતમભાઈને પગમાં ઈજા થઈ હતી અને માથામાં ગંભીર ઈજા થતાં સૌગંદકુમારને બેભાન હાલતમાં 108 એમ્બ્યુલન્સ દ્વારા નવી સિવિલમાં દાખલ કર્યા હતા.જ્યાં તેમને બ્રેઈન ડેડ જાહેર કરવામાં આવ્યા હતા.

ગુજરાત નર્સિંગ કાઉન્સિલ ઉપાધ્યક્ષ ઈકબાલ કડીવાલા અને અન્ય તબીબોએ પરિવારના સભ્યોને અંગદાનનું મહત્ત્વ સમજાવ્યું હતું. પરિવારજનોએ અંગદાનની સહમતિ આપી હતી. બ્રેઈનડેડ સૌગંદકુમારનાં લીવર અને બે કિડનીને અમદાવાદની એપોલો હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી.

## ગૂગલ સર્ચથી મની એક્સચેન્જની દુકાનોમાં ચોરી કરતી ગેંગ ઝબ્બે

**સુરતમાં** ચોરીની ઘટનાને અંજામ આપે તે પૂર્વે જ પોલીસે ગેંગના ચાર રીઢા ગુનેગારોને અલથાણની હોટલમાંથી દબોચી લીધા

**આંતરરાજ્ય** ગેંગ, એક શહેરમાંથી ચોરી કરી બીજા શહેરમાં ભાગી છૂટતી હતી

સુરતઃ દેશના વિવિધ રાજ્યોમાં માત્ર મની એક્સચેન્જ અને મની ટ્રાન્સફરની દુકાનોને નિશાન બનાવી તરખાટ મચાવતી ઉત્તર પ્રદેશની એક રીઢા ગુનેગારોની ગેંગને સુરત ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડી છે. આ ગેંગ ગૂગલ મેપ્સ પર સર્ચ કરીને દુકાનો શોધતી અને રાત્રિના સમયે લોખંડના સળિયા વડે તાળા તોડી ચોરીને અંજામ આપતી હતી. પોલીસે ચાર આરોપીની ધરપકડ કરી કુલ ૭ જેટલા ઘરફોડ ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલ્યો છે.

મોબાઈલ સ્નેચિંગ સ્ક્વોડને બાતમી મળી હતી કે મની એક્સચેન્જ ઓફિસોને ટાર્ગેટ કરતી એક ગેંગ અલથાણ વિસ્તારની 'રૂમ્સ હોટલ'માં રોકાઈ છે. પોલીસે હોટલ પર દરોડો પાડી રિકુ અમરસિંગ ચૌહાણ, યોગેશકુમાર ઠાકુર, જુગેન્દ્ર ઉર્ફે જયરામ રાજપુત અને અભિષેક ઠાકુર નામના ચાર શખ્સને દબોચી લીધા હતા. તેમની પાસેથી રોકડા રૂ. ૨૩,૦૦૦ અને ત્રણ મોબાઈલ મળી કુલ રૂ. ૭૩,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરાયો છે. આરોપીઓ ચેન્નાઈમાં 3 ઘરફોડની ઘટનાને અંજામ આપી ટ્રેન મારફતે સુરત આવી પહોંચ્યા હતા. આ ગેંગ જે શહેરમાં જાય ત્યાં ગૂગલ પર 'Money Exchange' સર્ચ કરી દુકાનોનું લિસ્ટ બનાવતા હતા. ત્યારબાદ રાત્રે લોખંડના સળિયાથી તાળા તોડી ચોરી કરી મુદ્દામાલ સરખે ભાગે વહેંચીને બીજા રાજ્યમાં નાસી છૂટતા હતા. સુરતમાં પણ તેઓ મોટી ચોરી કરવાની ફિરાકમાં હતા, પરંતુ તે પહેલા જ પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા.

### આંતરરાજ્ય ગુનાખોરીનો ચિઠ્ઠો ખૂલ્યો

» થોડા દિવસો પહેલા જ ચેન્નાઈની જે.એસ.એમ. ફોરેક્સ નામની દુકાનમાંથી રૂ. ૨૫,૦૦૦ની ચોરી કરી હતી.
» **હૈદરાબાદ:** સિકંદરાબાદ મેટ્રો સ્ટેશન પાસે મની એક્સચેન્જની બે દુકાનોમાં ચોરી કરી હતી.
» **દિલ્હી-NCR:** નોઈડામાં કરિયાણાની દુકાનમાંથી રૂ. ૨ લાખ, સાકેત વિસ્તારમાં મની ટ્રાન્સફરની દુકાનમાંથી રૂ. ૬૦,૦૦૦ અને કરકુમમાં રૂ. ૫૦,૦૦૦ની ચોરીની કબૂલાત કરી છે.
» **ગાઝિયાબાદ:** કન્સ્ટ્રક્શન સાઈટ પરથી લોખંડની ચોરી કરી હોવાનું પણ સામે આવ્યું છે.

### હોટેલમાંથી પકડાયેલા આરોપીઓ

(૧) રિકુ અમરસિંગ ચૌહાણ ઉ.વ-૨૭ ધંધો-ડ્રાઇવિંગ રહે-ગલી નં-૦૩, નાનકકી પુલીયા ખોડા કોલોની, ગાજીયાબાદ (યુ.પી.) મુળ રહે-ગાંવ દુઢરા થના-શોડપુર તા-પટીયાલી જી-કાસગંજ ઉતરપ્રદેશ
(૨) જુગેન્દ્ર ઉર્ફે જયરામ s/o અશોકસીંગ રાજપુત ઉ.વ-૧૮ ધંધો-અભ્યાસ રહે-ગામ ગડીયા જગન્નાથ પીપલ મહાદેવ મંદિર પાસે, થાના-રામકા રામપુર તા-પટીયાલી, જીલ્લો-કાસગંજ (યુ.પી).
(૩) અભિષેક હરીન્દ્રસિંગ ઠાકુર ઉ.વ-૧૯ ધંધો-ડ્રાઇવિંગ રહે-મુળ ગામ-બરહીપુરા થાના-બજીરગંજ પોસ્ટ-પેપલ બગરેન જી-ભદેહુ (યુ.પી.) હાલ રહે-અંદરગાંવ યાદવ ચક્કીવાળી ગલી, ગલી નં-૧૧ બહેરામપુર થાના-જીલ્લો-ગાજીયાબાદ (યુ.પી).
(૪) યોગેશકુમાર રાજવીરસીંગ ઠાકુર ઉ.વ-33 ધંધો-ડ્રાઇવિંગ રહે- ગલી નં-૦૧, નરેશ વિહાર ખોળા કોલોની, દિનેશભાઇના મકાનમાં ગાજીયાબાદ (યુ.પી.) મુળ રહે-ગામ ઢુંડરા થાના-શિવપુરા તા- પટીયાલી જી-કાસગંજ (યુ.પી).

### વીમા કંપનીને ડેન્ગ્યુની સારવારનો ખર્ચ ચૂકવવા ગ્રાહક કોર્ટનો આદેશ

સુરતઃ ડેન્ગ્યુ તાવની સારવાર માટેનું બિલ નકારનાર વીમા કંપનીને ગ્રાહક સુરક્ષા કોર્ટે સેવાઓમાં ખામી ગણાવી ફરિયાદીને થયેલાં ખર્ચની રકમ વ્યાજ સહિત ચૂકવવા હુકમ કર્યો છે. ફરિયાદી કિશોર વિરાણીના પુત્રને ડેન્ગ્યુ તાવ આવતા ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધી હતી. જે સારવારના ખર્ચનો ક્લેઈમ વીમા કંપનીમાં કરતાં વીમા કંપનીએ નામંજૂર કર્યો હતો. જેથી ફરિયાદીએ વકીલ મારફતે ગ્રાહક સુરક્ષા કોર્ટમાં ફરિયાદ કરી હતી. આ કેસની સુનાવણી બાદ ગ્રાહક સુરક્ષા કોર્ટે સેવાઓમાં ખામી અને અનૈતિક વ્યાપાર પદ્ધતિને ધ્યાનમાં લઈને ફરિયાદીને સારવારનો ખર્ચ વ્યાજ સહિત ચૂકવવા વીમા કંપનીને હુકમ કર્યો હતો.

## ડિંડોલી પોલીસ સ્ટેશનના ગેટની સામે જ યુવક પર હિંસક હુમલો

**બંને** પક્ષ વચ્ચેની છૂટ્ટાહાથની મારામારીના દૃશ્યો સોશિયલ મીડિયામાં વાયરલ, પોલીસે પાંચને પાંજરે પૂર્યા

સુરતઃ સુરતના ડીંડોલી પોલીસ સ્ટેશનના ગેટ પર છુટ્ટાહાથની મારામારીના દશ્યો સામે આવતા શહેરમાં ચકચાર મચી ગઈ છે. બે સોસાયટીના યુવકો વચ્ચે જૂની અદાવતને પગલે થયેલી આ હિંસક ઘટના બાદ પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી બંને પક્ષોના કુલ પાંચ વ્યક્તિની ધરપકડ કરી છે.

ડીંડોલીના રાધાસ્વામી નગર અને હરિહરનગર સોસાયટીના યુવકો વચ્ચે લાંબા સમયથી મનદુઃખ ચાલતું હતું. આ જૂની અદાવતે શુક્રવારે હિંસક સ્વરૂપ ધારણ કરતા ઘટનાની શરૂઆત રાધાસ્વામી નગરમાં થઈ હતી, જ્યાં હરિહરનગર સોસાયટીના બે યુવક ત્યાં આવી સ્થાનિકોને ધમકાવતાં હોવાની ચર્ચા છે. આ બાબતે બંને પક્ષ વચ્ચે બોલાચાલી થઈ, જે જોતજોતામાં મારામારીમાં ફેરવાઈ ગઈ હતી. પરિસ્થિતિ વણસતા રાધાસ્વામી નગરનો રહેવાસી કુંદન માનસિંહ રાજપૂત ફરિયાદ નોંધાવવા માટે ડીંડોલી પોલીસ મથકે પહોંચ્યો હતો. જો કે, ફરિયાદ પ્રક્રિયા શરૂ થાય એ પહેલા જ સામા પક્ષના ચાર જેટલા ઈસમો પણ પોલીસ મથક પાસે આવી પહોંચ્યા હતા.

નવાઈની વાત એ છે કે, પોલીસની હાજરી હોવા છતાં આ ઈસમોએ પોલીસ સ્ટેશનના ગેટ બહાર જ કુંદન પર હુમલો કરી દીધો હતો. પોલીસ મથકના દરવાજે જ ચાલેલી છુટ્ટાહાથની મારામારીના દશ્યો જોઈ લોકો પણ એકઠા થઈ ગયા હતા. ઘટનાના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં પોલીસની કામગીરી અને આરોપીઓની હિંમત અંગે ચર્ચા શરૂ થઈ હતી. હાજર પોલીસ કર્મચારીઓ તાત્કાલિક બહાર દોડી આવ્યા હતા અને સમયસૂચકતા દાખવી બંને પક્ષોને અલગ કર્યા હતા. ડીંડોલી પોલીસે સમગ્ર ઘટનામાં સંડોવાયેલા બંને પક્ષોના કુલ પાંચ વ્યક્તિની ધરપકડ કરી છે. ધરપકડ કરાયેલા આરોપીઓમાં ધવન સુરેન્દ્રપ્રતાપ સીંગ (ઉ.વ.૨૬ રહે, રાધા સ્વામીનગર નવાગામ ડીંડોલી), કુંદન માનસીંગ રાજપુત (ઉ.વ.૨૫ રહે, ઠાકુરનગર નવાગામ ડીંડોલી), મુનીલ સુરેશ બહેરા (ઉ.વ.૩૦ રહે, ગણપતિધામ સોસાયટી વિભાગ-૧, નવાગામ ડીંડોલી), રાજેન્દ્ર ફુલચંદ મિશ્રા ઉ.વ.૪૭ રહે, હરીહરનગર, નવાગામ ડીંડોલી) તથા રાજેશ ફુલચંદ મિશ્રા (ઉ.વ.૪૦ રહે, હરીહરનગર, નવાગામ ડીંડોલી)નો સમાવેશ થાય છે.

## પાણીપુરીના 1829 એકમમાં ચેકિંગ, 849 કિલો અખાદ્ય સામગ્રીનો નાશ

**સુરત** મનપાની ઈવનિંગ સ્ક્વોડના અવિરત સપાટા, અખાદ્ય પાણીપૂરી અને ચાટ સામે ઝુંબેશ વધુ સઘન બનાવી 4.16 લાખનો દંડ કર્યો

સુરતઃ શહેરમાં મનપાની ઈવનિંગ સ્ક્વોડ દ્વારા વિવિધ ઝોનમાં વિશેષ ઝુંબેશ ચલાવી ખાણીપીણીના એકમો પર તવાઈ બોલાવવામાં આવી હતી. આ ઝુંબેશ અંતર્ગત કુલ 1829 ખાણીપીણીના એકમોની તપાસ કરવામાં આવી હતી, જેમાંથી 849 કિલોગ્રામ અખાદ્ય અને ખાવા અયોગ્ય સામગ્રીનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. સાથે જ 323.65 કિલોગ્રામ પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવ્યું છે.

નિયમોનું ઉલ્લંઘન કરનાર એકમો સામે મનપાએ કડક કાર્યવાહી કરતા 156 નોટિસ ફટકારી હતી, જ્યારે વિવિધ કેસોમાં કુલ રૂ.4,16,800નો દંડ વસૂલવામાં આવ્યો છે. મનપાની ઈવનિંગ સ્ક્વોડે આ ઝુંબેશ દરમિયાન અલથાણ-ભટાર, પાંડેસરા-બામરોલી, રાંદેરના રામનગર વિસ્તાર, પુણાગામ, વેડરોડ પરાસ વિસ્તાર, માગોબ-લિંબાયત તેમજ તલંગપુર-ઉન સહિતના વિસ્તારો આવરી લીધા હતા. ખાસ કરીને રસ્તા પર પાણીપૂરી, ચાટ, ગોલગપ્પા સહિતની વસ્તુઓ વેચતા દુકાનદારો પર વિશેષ નજર રાખવામાં આવી હતી.

મનપા તંત્રનું કહેવું છે કે તાજેતરમાં ઈન્દોર અને ગાંધીનગર સહિતના શહેરોમાં પાણીજન્ય રોગચાળાની ઘટનાઓ સામે આવ્યા બાદ સુરતમાં પણ કોઈ જોખમ ઊભું ન થાય તે માટે આ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. અસ્વચ્છ પાણી, ગંદા બટાકા, ખુલ્લામાં રાખેલી ચટણીઓ અને ગટરના પાણીની આસપાસ ખોરાક તૈયાર કરવાના કિસ્સાઓ સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવવામાં આવી છે.

## વાઈબ્રન્ટ ગુજરાતમાં કેપી ગ્રૂપના 4000 કરોડના MOU

**કેપી ગ્રુપ** દેવભૂમિ દ્વારકા અને કચ્છ ખાતે મળી કુલ 855 મેગાવોટના પ્રોજેક્ટથી 4275 રોજગારનું સર્જન કરશે

સુરત : વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ અંતર્ગત રાજકોટ સ્થિત મારવાડી યુનિવર્સિટીમાં આજે કેપી ગ્રુપ અને ગુજરાત સરકાર વચ્ચે રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે વધુ એક મહત્વપૂર્ણ મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ (MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

આ એમઓયુ હેઠળ કેપી ગ્રુપ દ્વારા ગુજરાત રાજ્યમાં કુલ ચાર મોટા ગ્રીન એનર્જી પ્રોજેક્ટ્સ સ્થાપિત કરવામાં આવશે, જેના દ્વારા આશરે 4,000 કરોડનું રોકાણ અને 4,275થી વધુ સીધી તથા પરોક્ષ રોજગાર તકો સર્જાશે. આ અવસરે કેપી ગ્રુપના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ડો. ફારુક જી. પટેલે જણાવ્યું કે, "અગાઉ વાયબ્રન્ટ ગુજરાતમાં થયેલા એમઓયુઓને અમે જમીન પર ઉતારીને સાબિત કર્યું છે. આજનો આ નવો એમઓયુ ગુજરાતને ગ્રીન એનર્જી હબ બનાવવાની દિશામાં વધુ એક મજબૂત પગલું છે.

### KP ગ્રુપના પ્રસ્તાવિત પ્રોજેક્ટ્સની મુખ્ય વિગતો

* દેવભૂમિ દ્વારકામાં 200 મેગાવોટ (DC) સોલાર પાવર પ્રોજેક્ટ, રોકાણ 800 કરોડ
* કચ્છ જિલ્લાના ભુજ ખાતે 405 મેગાવોટ સોલાર પાવર પ્રોજેક્ટ, રોકાણ 1200 કરોડ
* દેવભૂમિ દ્વારકામાં 100 મેગાવોટ ISTS કનેક્ટેડ વિન્ડ-સોલાર હાઇબ્રિડ પાવર પ્રોજેક્ટ, રોકાણ 800 કરોડ
* દેવભૂમિ દ્વારકામાં 150 મેગાવોટ ISTS કનેક્ટેડ વિન્ડ-સોલાર હાઇબ્રિડ પાવર પ્રોજેક્ટ, રોકાણ, 1200 કરોડ, આ તમામ પ્રોજેક્ટ્સ વર્ષ 2025 અને 2026 દરમિયાન તબક્કાવાર રીતે શરૂ થવાના છે.

# સંક્ષિપ્ત સમાચાર

### સુરત શહેર-જિલ્લા ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘનો ભવ્ય શૈક્ષણિક સેમિનાર યોજાયો



સુરતઃ સુરત શહેર અને જિલ્લા ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ તથા શહેર-જિલ્લા શિક્ષણ અધિકારી કચેરીના સંયુક્ત આયોજન હેઠળ ભવ્ય શૈક્ષણિક સેમિનાર યોજાયો હતો. કાર્યક્રમમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સંયુક્ત નિયામક બી.એન. રાજગોર મુખ્ય અતિથિ તથા વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા. ધારાસભ્ય સંગીતાબેન પાટીલ પણ ઉપસ્થિત રહ્યા હતા. શિક્ષણ અધિકારી ડો.ભગીરથસિંહ પરમારે શિક્ષકોને ઉત્સાહિત કર્યા હતા, જ્યારે દ્વિતીય સત્રમાં ખુશી દેસાઈ અને રાકેશભાઈ રાવતે પ્રભાવશાળી માર્ગદર્શન આપ્યું. કાર્યક્રમ દરમિયાન શ્રેષ્ઠ શાળા, શ્રેષ્ઠ શિક્ષકો, આચાર્ય તથા નિવૃત્ત શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું. કાર્યક્રમનું સ્વાગત પ્રવચન પ્રમુખ લીનાબેન દેસાઈએ કર્યું. અને આભારવિધિ મહામંત્રી ડો. પ્રશાંત પંડ્યાએ કરી.

### સુરત લિટરેચર ફેસ્ટિવલનું ચોથું સંસ્કરણ રવિવારે નર્મદ યુનિ.માં પુરું થયું



સુરતઃ સુરત લિટરેચર ફેસ્ટિવલનું ચોથું સંસ્કરણ રવિવારે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે પૂર્ણ થયું હતું. જેમાં પ્રથમ દિવસે રાષ્ટ્રીય સુરક્ષા, વ્યૂહરચના અને સાંસ્કૃતિક આધાર પર બીજા દિવસે સુરક્ષા, મીડિયા, ટેક્નોલોજી અને સિનેમા પર તેમજ ત્રીજા દિવસે રાજકારણ, શિક્ષણ અને સંસ્કૃતિક સતતતા પર વિચારો રજૂ કરાયા હતા. ઉપરાંત મહિલા શક્તિ@૨૦૪૭, રાજનીતિ@૨૦૪૭, આરએસએસ@૧૦૦, શિક્ષણ અને ભારત@૨૦૪૭ તથા ભારતઃ ભૂત, વર્તમાન અને ભવિષ્ય જેવા સત્રોમાં રાજકીય વિશ્લેષકો, શિક્ષણવિદો અને સંગઠન પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. સમાપન બૌદ્ધિક સત્ર ભારતઃ ભૂત, વર્તમાન અને ભવિષ્ય પર રહ્યું હતું.

### સુરતની ઓક્સફોર્ડ ઈંગ્લિશ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓની રમતગમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ સિદ્ધિ



સુરતઃ ઓક્સફોર્ડ ઈંગ્લિશ હાઇસ્કુલ, સુરતના વિદ્યાર્થીઓએ ખેલ મહાકુંભ જિલ્લા કક્ષાની ટીમ ગેમ સ્પર્ધા (અન્ડર-14 અને અન્ડર-17 બોયઝ, ગર્લ્સ)માં ઉત્કૃષ્ટ દ્રઢતા અને શક્તિ સાથે પ્રતિનિધિત્વ કર્યું. તેમની શાનદાર કામગીરીના પરિણામે ઝોન લેવલે પ્રથમ સ્થાન પ્રાપ્ત થયા, તેમજ દસ વિદ્યાર્થીઓ રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે પસંદ થયા. તેમજ ચાર વિદ્યાર્થીઓ નેશનલ લેવલમાં સ્થાન પામ્યા છે. ખેલ મહાકુંભ જિલ્લા કક્ષાની ખો-ખો સ્પર્ધા (અન્ડર-14, અન્ડર-17 ગર્લ્સ) માં શાળાની વિદ્યાર્થિનીઓએ ઝોન લેવલ પર પ્રથમ સ્થાન મેળવી તેમજ જિલ્લા કક્ષાએ દ્વિતીય સ્થાન મેળવ્યું છે. શાળાની ચાર વિદ્યાર્થિનીઓ લંગડી સ્પર્ધા માટે રાષ્ટ્રીય લેવલે પસંદ થયા છે અને ગોલ્ડમેડલ મેળવ્યો છે. શાળાનાં કોચ આયુષ યાદવ, હંશાયું સર્યવંશી, રાકેશ પાટીલ તથા ઇનચાર્જ પ્રિન્સિપાલ રાજકુમારી ઇબેનેઝરની જહેમતથી શાળાનું ગૌરવ વધ્યું છે.

### પ્રેસિડન્સી સિનિયર સિટિઝન્સ વાંચનાલય દ્વારા ધારાસભ્ય પૂર્ણેશ મોદીનું સન્માન



સુરત : વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 75મા જન્મદિવસ નિમિત્તે સુરત પશ્ચિમના ધારાસભ્ય પુર્ણેશભાઈ મોદીએ 75 બસ મારફતે 3500થી 4000 વડીલોને અંબાજી તથા વડનગરના મંદિરોની VIP સુવિધા સાથે યાત્રા કરાવી હતી. આ સેવાકાર્ય બદલ 'પ્રેસિડન્સી' સિનિયર સિટીઝન્સ વાંચનાલયના સભ્યો દ્વારા આજરોજ તેમનું આભારદર્શનમાં સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રેસિડન્સી એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા આ માસમાં જન્મદિવસ ધરાવતા વડીલોને સ્મૃતિભેટ આપી વડીલો માટે પોંક પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ટ્રસ્ટીવર્ય હિતેન્દ્રભાઈ ચુડાવાળાએ સ્વાગત કર્યું, ટ્રસ્ટીવર્ય એન.એમ. કારિયાએ પ્રાસંગિક વાતો રજૂ કરી, આચાર્યા દીપિકા શુક્લાએ ગઝલ દ્વારા જીવનસંદેશ આપ્યો અને પ્રકાશભાઈ ગજ્જરે વાંચનાલયના વધુ ઉપયોગ માટે અનુરોધ કર્યો હતો.

### પરાર્થની પરાકાષ્ઠાએ પહોંચો ત્યારે પરમાત્માનો સાક્ષાત્કાર થાય: જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી



સુરતઃ શેઠ શ્રી કુલચંદ કલ્યાણચંદ ઝવેરી શ્રી અઠવાલાઇન્સ જૈન શ્વે. મૂ. પૂ. સંઘમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે સત્સંગ સપ્તાહના ચતુર્થ દિવસે ધર્મસભાને સંબોધતા કહ્યું હતું કે, પરની ઉપાસનાને બદલે પરમની ઉપાસના કરવી જોઇએ. જે તમારા આત્માનું અહિત કરે તેને પર કહેવાય. જે તમારું નથી તેની પાછળ જિંદગીને બરબાદ કરવી તે મુર્ખતાની પરાકાષ્ઠા છે. પરાર્થની પરાકાષ્ઠાએ પહોંચો ત્યારે પરમાત્માનો સાક્ષાત્કાર થાય. આજનો માણસ 'હું' અને 'મારુ' માં જ અટવાયો છે. સ્વાર્થની ગટરગંગામાં ખાબકેલો માણસ બીજાનું અહિત જ કરતો હોય છે. જ્યાં સુધી બીજાનો વિચાર નહીં આવે ત્યાં સુધી ધર્મ ક્ષેત્રમાં પ્રવેશ દુર્લભ છે. પ્રભુને પામવા માટે મીરા, નરસિંહ મહેતા અને કવિ માઘની જેમ પ્રભુમય બનવું પડશે. પ્રભુમય બનશો તો પ્રભુતાનું પ્રાગટ્ય થશે.

### વિદ્યાકુંજ સ્કૂલમાં સ્પોર્ટ્સ ડેની ઉજવણી કરવામાં આવી

સુરતઃ વનિતા વિશ્રામ શ્રીમતી પાર્વતીબેન દેસાઇ વિદ્યાકુંજ પુર્વ પ્રાથમિક વિભાગ અંગ્રેજી માધ્યમમાં શ્રીમતી જયોતિકા રામનાની આચાર્યા અને શિક્ષિકાની મદદથી સ્પોર્ટસ ડેની ઉજવણી કરવામાં આવી હતી. જુદી જુદી રમતો જેવી કે બેગ પેક, બેલેન્સિંગ, ડકવોક, કપ કલેસિંગ, એરેન્જિંગ ચોઇરસ, હર્ડલ રેસ વગેરે રમી બાળકોએ ખૂબ મજા માણી હતી.

### ગુરુકૃપા વિદ્યાસંકુલ (CBSE) દ્વારા વાર્ષિક કાર્યક્રમ યોજાયો

સુરતઃ ગુરુકૃપા વિદ્યાસંકુલએ પોતાના વાર્ષિક કાર્યક્રમ "શ્યામ કી મહિમા" નું ભવ્ય અને ભાવસભર આયોજન ભક્તિપૂર્ણ અને આનંદમય વાતાવરણમાં સફળતાપૂર્વક કર્યું. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે ગણપત વસાવા હાજર રહ્યા હતા. તેમણે શિક્ષણ સાથે સંસ્કારના મહત્વ પર ભાર મૂક્યો. શાળાના ચેરમેન મુકેશ પટેલની હાજરી રહી હતી. ગેસ્ટ ઓફ ઓનર તરીકે પ્રખ્યાત ટીવી કલાકાર મલ્લિકાસિંહ હાજર રહ્યા હતા. તેમણે "શ્યામ કી મહિમા" જેવા જીવંત કૃષ્ણ નાટકને સાકાર કરવા માટે વિદ્યાર્થીઓ અને શિક્ષકોની પ્રસંશા કરી હતી. પ્રિન્સિપાલ શ્રીમતી ડુમાસિયાએ શિક્ષકો, વિદ્યાર્થીઓ અને માતા-પિતાના સહયોગ માટે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો.

### બાબુ માધવ ઈન્સ્ટિટ્યૂટ ઓફ આઈટીના પ્રધ્યાપક ભૂમિકા પટેલ પીએચ.ડી. થયા

સુરતઃ સુરત નિવાસી અને હાલ ઉકા તરસાડીયા યુનિવર્સિટી સંલગ્ન બાબુ માધવ ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ફોર્મેશન ટેકનોલોજીમાં પ્રધ્યાપક તરીકે કાર્યરત ભૂમિકા ભાવિનકુમાર પટેલ દ્વારા કોમ્પ્યુટર સાયન્સ વિષયમાં તૈયાર કરેલા સંશોધન કાર્ય 'design and development of secured framework for cloud based e-voting'ને ઉકા તરસાડીયા યુનિવર્સિટીએ માન્ય રાખી પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. તેમણે આ સંશોધન કાર્ય શ્રીમદ રાજચંદ્ર કોલેજ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર એપ્લિકેશનના ડાયરેક્ટર પ્રો. ડો. ધર્મેન્દ્ર ભટ્ટીના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યું છે.